# :: ક્રિ.કે.નં.૨૦૦૧૮૮/૦૬ ::

# –: આંક–૧ નીચે હુકમ :–

ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/ઓએ સંબધિત એક્સાઈઝ એક્ટના પ્રબંધો મુજબનો ગુનો કરેલ છે. રેકર્ડ જોતા આરોપી નં.૧ કંપની છે જ્યારે આરોપી નં.ર થી ૪ તેના ડીરેક્ટર છે. રેકર્ડ જોતા મારા પુરોગામી વિ.મેજિસ્ટ્રેટ સાહેબશ્રીએ આંક–૧૪ તથા આંક–૧પ ના હુકમોથી આરોપી નં.ર થી ૪ નાઓને ડીસ્ચાર્જ કરી તેમના પુરતો કેસ પુર્ણ કરવાનો હુકમ કરેલ હતો અને ફકત કંપની પુરતો કેસ પેન્ડીંગ રહેલ છે. આંક–૧૪ તથા ૧પ ના હુકમ સને–૨૦૧૩–૧૪ માં થયેલ હોય છતાં આજદીન સુધી આરોપી નં.૧ કંપનીના જવાબદારનાઓને જોડી કેસ આગળ ચલાવવા ફરિયાદપક્ષે કોઈ પ્રયત્ન કરેલ નથી. આંક–૧૪ તથા ૧પ ના હુકમો હાયર ફોરમમાં પડકારેલ હોય તેવી પણ ફરિયાદપક્ષે આજ દીન સુધી રજુઆત કરેલી નથી અને છેલ્લા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી કેસ બિનઅસરકારક ક્રિમિનલ કેસ તરીકે પેન્ડીંગ રહેલ છે. હાલનો કેસ આથી આગળ ચાલી શકતો નથી. કાનુની પ્રબંધો મુજબ પણ કોઈપણ કંપની સામેનો કેસ તેના મુખ્ય જવાબદાર એવા ડીરેક્ટરોની ગેરહાજરીમાં ટકી શકે નહિ. કંપની તે કાનુન ધ્વારા અસ્તિત્વમાં આવે છે જેનું પ્રતિનિધિત્વ તેના ડીરેક્ટરો કરતા હોય છે. વધુમાં કોઈ કેસમાં જ્યારે કંપનીને સજા કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય તો તેવી સજા કંપની વતી તેના ડીરેક્ટરો કે સંચાલકને કરવા પાત્ર હોય છે જેમની ગેરહાજરીમાં આવી સજાનું અમલીકરણ થઈ શકે નહિ. હાલના કેસમાં પણ ડીરેક્ટરોને બિનતહોમત છોડવામાં આવેલ છે જેથી ફકત કંપની પુરતો કેસ તેના સંચાલકની ગેરહાજરીમાં જીવંત રાખવામાં આવે તો તે યોગ્ય જણાતું નથી. જેથી જ્યારે ડીરેક્ટરો સામેની ફરિયાદ પુર્ણ થયેલ હોય તેવા સંજોગોમાં ફકત કંપની સામેની ફરિયાદ પેન્ડીંગ રાખવી ઉચિત નથી. ફરીયાદપક્ષે એવી રજુઆત નથી કે આરોપી નં.૧ કંપનીમાં અન્ય ડીરેક્ટરો જવાબદાર હતા કે તેઓને જોડવા માટે પણ કોઈ રજુઆત નથી. જેથી ફરીયાદપક્ષને સદર કેસ આગળ ચલાવવા રસ ધરાવતા નહી હોવાને માનવાને કારણ રહે છે. જેથી આ હકીકતો ધ્યાને લેતા હવે કેસ ફડચામાં

ગયેલી કંપની પુરતો જ પેન્ડીંગ રાખવો ઉચીત નથી. જેથી આ કામે ઉપરોકત હકીકતોએ નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામે ઉપરોકત હકીકતોએ ફરીયાદપક્ષનો કેસ આરોપી નં.૧ પુરતો નોન–પ્રોસીકયુશનના કારણે રદ કરી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી પ્રોસીકયુશનને કંપનીના જવાબદાર વ્યકિતને જોડીને કાયદા મુજબ/સમયમર્યાદામાં ફરીથી ફરીયાદ/વિવાદ દાખલ કરવા માટે કોઈ બાધ આવશે નહી. નામ. હાયર ફોરમ ધ્વારા પણ સદર હુકમ રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ફરીયાદ રીસ્ટોર કરવાની રહેશે.

હુકમ આજરોજ વાંચી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૯/૨૦૨૪.
(સ્પે.સીટીંગ–લોક અદાલત)

**(સનત જયંતિલાલ પંચાલ)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ(સીટી),
(જી.જે.૦૦૮૬૪)